અપીલ અરજી નં.૩૩ તા.૩–૫–૧૦/૧૧

અરજદાર:– શ્રી ડી.સી. ભટ્ટ
સામાવાળા:– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડી.સી. ભટ્ટની તા.૧૨–૩–૧૦ની અરજીથી મોજે ડીંડોલી બ્લોક નં.૨૦૫–એ, દશામાતાના મંદીર પાછળ, ડીંડોલી–કરડવા રોડ, સુરત ખાતે ચાલી રહેલ બાંધકામનાં પ્લાન મંજૂર છે કે કેમ? કેટલા માળની મંજુરી અપાયેલ છે? બીનખેતીની પરવાનગીની નકલ? જીમીનની માલીકી કોની? ડેપ્યુટી,જુનીયર ઈજનેરના નામ વગેરે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩–૫–૧૦ ની **SMC/FAP/** નં.૩૩/૨૦૧૦–૧૧

શ્રી ડી.સી. ભટ્ટની તા.૧૨–૩–૧૦ની અરજીથી મોજે ડીંડોલી બ્લોક નં.૨૦૫–એ, દશામાતાના મંદીર પાછળ, ડીંડોલી–કરડવા રોડ, સુરત ખાતે ચાલી રહેલ બાંધકામનાં પ્લાન મંજૂર છે કે કેમ? કેટલા માળની મંજુરી અપાયેલ છે? બીનખેતીની પરવાનગીની નકલ? જીમીનની માલીકી કોની? ડેપ્યુટી,જુનીયર ઈજનેરના નામ વગેરે માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૯૫ તા.૧૨–૫–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ અરજી સાથે ફી ભર્યાની રસીદ રજૂ કરેલ છે. પરંતુ અપીલમાં કઈ અરજી સામે અપીલ કરેલ તે જણાવેલ નથી. તેમજ આરટીઆઈ એકટના નિયમ–૬ હેઠળ મૂળ અરજીની નકલ સામેલ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૫૧૩ તા.૧૯–૫–૧૦ ના રોજ પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૫૦ તા.૧૪–૫–૧૦ ના પત્રની નકલ તથા તે પોસ્ટ કર્યા અંગે યુપીસીના પુરાવાની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ માહિતી અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૧૨–૩–૧૦ ની અરજીથી મોજે ડીંડોલી બ્લોક નં.૨૦૫–એ, દશામાતાના મંદીર પાછળ, ડીંડોલી–કરડવા રોડ, સુરત ખાતે ચાલી રહેલ બાંધકામનાં પ્લાન મંજૂર છે કે કેમ? કેટલા માળની મંજુરી અપાયેલ છે? બીનખેતીની પરવાનગીની નકલ? જીમીનની માલીકી કોની? ડેપ્યુટી,જુનીયર ઈજનેરના નામ વગેરે માહિતી આપવા બાબત મુદ્દા ન.૧ થી ૬ ની માહિતી માંગવામાં આવેલ. જે અંગે નિયત સમય મર્યાદામાં માહિતી અપાયેલ નથી અને માહિતી ન આપીને માહિતી આપવાનો ઈન્કાર કરેલ છે તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ દરમ્યાન પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૪૫૦ તા.૧૪–૫–૧૦ થી જાહેર માહિતી અધિકારીને માહિતી આપવામાં આવેલ છે. મદ્દા નં.૧ ડીંડોલી બ્લોક નં.૨૦૫ એ, દશામાના મંદિર પાછળ ડીંડોલી કરડવા રોડ ખાતે ચાલી રહેલ સોસા.ના મકાનોના બાંધકામનો પ્લાન સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ છે કે કેમ? હા કે ના માં જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સૂચિત ડ્રાફટ ટીપી સ્કીમ નં.૬૨ (ડીંડોલી–ભેદવાડ, ભેસ્તાન) બ્લોક નં.૩૦૫ ની જગ્યાનો લે આઉટ પ્લાન મ. નગરનિયોજક શ્રી સુરત શહેરી વિકાસ સત્તા મંડળ સુરત મારફત સુડા/વિ.પ.અ.યુ૪/૪૩૦૦ અ/૭૧૭ તા.૧૨–૧૧–૦૧ થી મંજુર થયેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ પ્લાન મંજુર થયેલ હોય તો કેટલા માળની મંજુરી અપાયેલ છે? આંકડામાં માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મંજુર થયેલ પ્લાન મુજબ ગ્રાઉન્ડ ફલોરનું બાંધકામ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ મજકુર સ્થળની બિન ખેતીની પરવાનગીની નકલ આપવા મે. કરશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડ પર બિન ખેતીની પરવાનગીની નકલ ઉપલબ્ધ જણાતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ પ્લાન મંજુર કરાયેલ ન હોય તો શું આવું બાંધકામ ગેરકાયદેસર કહેવાય? હા કે ના માં જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્લાન મંજુર કરાવેલ ન હોય તો આવું બાંધકામ કાયદા વિરુધ્ધનું કહી શકાય. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ મજકુર સ્થળ /જમીન કોની માલીકીની છે ? સોસા. ઓર્ગેનાઈઝર કોણ છે? તેમનું નામ તથા સરનામું જણાવશો તથા કયા આર્કીટેકટે પ્લાન મુકેલ છે તેઓનું નામ જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મજકુર સ્થળે પ્લાન રજૂ કરનાર અરજદાર મનીષભાઈ રમણભાઈ નાયક પો. ડીંડોલી, તા.ચોર્યાસી, જી. સુરત છે સદર જગ્યાનો પ્લાન પુનમ એ. શાહ ધ્વારા રજૂ કરેલ હતો. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ લીંબાયતઝોનના કયા ડેપ્યુટી, જુની. ઈજનેર ના દેખરેખ હેઠળ મજકુર કામ બાંધકામ આવે છે તેવાના નામ જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી લીંબાયતઝોનના ડે.ઈજનેર શ્રી જે એલ. ભટ્ટ તેમજ જુની. ઈજનેર શ્રી આર એસ. પટેલ હાલમાં આ વિસ્તારમાં ફરજ બજાવે છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી અને હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કંઈ વિશેષ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૧૦

ડે.કમિશ્નર(જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડી.સી. ભટ્ટ,